સત્યમેવ જયતે

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક/જશતભ/સી.એમ.ડી.ઇ./2026-27/9847-87
મહારાણીશ્રી ગંગાબા સાહેબ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
મિડલ સ્કૂલ ગ્રાઉન્ડ,
બસ સ્ટેશન સામે,
Phone: 02832-221491/252604
તારીખ : 16/11/2026

પ્રતિ,
અધ્યક્ષશ્રી, શિક્ષણશાસ્ત્ર ભવન, કે.એસ.કે.વી. કચ્છ યુનિ. જિ. કચ્છ
પ્રિન્સીપાલશ્રી, બી.એડ. કોલેજો, તમામ, કે.એસ.કે.વી. કચ્છ યુનિ. જિ. કચ્છ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ. કચ્છ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ. કચ્છ
શાસનાધિકારીશ્રી, અંજાર
.

વિષય : વર્ષ: 2026-27 માટે સંશોધન દરખાસ્ત મોકલી આપવા બાબત

. સંદર્ભ : ક્રમાંક: GCERT/સંશોધન/2026- 27/25873-906 તારીખ : 05/11/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ: 2026-27 માટે GCERT આયોજિત ડાયટ કક્ષાએ સંશોધનકાર્ય હાથ ધરવાના થાય છે. આ સંશોધનકાર્ય અન્વયે જિલ્લા કક્ષાએ શિક્ષણશાસ્ત્ર ભવનના Ph.D. કરતાં વિધાર્થીઓ, PH.D. થયેલ શિક્ષકો/અધ્યાપકો/ નિવૃત અધ્યાપકો/નિવૃત શિક્ષકો સંશોધન કરી શકે તે હેતુથી સંશોધન દરખાસ્તો મંગાવવાની હોવાથી રસ ધરાવતા સંશોધકો સંશોધન દરખાસ્ત તારીખ: 25/11/2026 સુધીમાં dietbhuj@gmail.com પર ઈ-મેઈલ કરશો. GCERT દ્વારા ફાળવવામાં આવેલ ક્ષેત્રો આ સાથે દર્શાવેલ છે.

<u>સંશોધન માટેનાં Research Area નીચે મુજબ છે, જે ધ્યાને લઈને જ સંશોધનો હાથ ધરવા.</u>

ડાયટ દ્વારા ચાલુ વર્ષે હાથ ધરી શકાય તેવા સંશોધનના ક્ષેત્રો વર્તમાન શૈક્ષણિક જરૂરિયાતો, GCERTની આવશ્યકતાઓ તથા શાળા કક્ષાએ જોવા મળતા પડકારોને ધ્યાનમાં રાખીને નક્કી કરવા.

- સંશોધનના વિષયોની પસંદગી કરતી વખતે છેલ્લા 3 થી 4 વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવેલ સંશોધનકાર્યોને પણ ધ્યાનમાં લેવા.

- સ્વૈચ્છિક રીતે ડાયટ વ્યાખ્યાતા, GCERT-શૈક્ષણિક સ્ટાફ, PH.D થયેલા શિક્ષકોને શિક્ષણશાસ્ત્રમાં PH.D કરતાં વિધાર્થીઓ, અને યુનિવર્સીટીના ફેકલ્ટીઝ, ઉપરાંત PH.D. થયેલ વ્યક્તિઓ, અધ્યાપકો, નિવૃત અધ્યાપકો, નિવૃત શિક્ષકોને પણ રીસર્ચ કરવા માટે Invite કરી સંશોધન પ્રસ્તાવો મંગાવવા.

- આ ઉપરાંત BRC, CRC, EI, તમામ Sources દ્વારા પણ આ માહિતી સબંધિત સુધી પહોંચતી કરવી. આ ઉપરાંત જિલ્લા સબંધિત યુનિવર્સિટી તેમજ પ્રશિક્ષણ કોલેજના વ્યાખ્યાતાઓને પણ સદર બાબતો અંગે જાણ કરવી. અને સંશોધન પ્રસ્તાવો મંગાવવા.

સંશોધનો માટેનાં નીચે મુજબના પાંચ મુખ્ય ક્ષેત્રો

ક્ષેત્ર-૧: શાળા છોડવાનો દર અને તેના કારણો અને આ સમસ્યાના નિવારણ માટેનાં અસરકારક ઉપાયો અંગે સંશોધન(Drop out related research)

વિધાર્થીઓના શાળા છોડવાના દર તથા તેના કારણો અને આ સમસ્યાનાં નિવારણ માટેનાં અસરકારક ઉપાયો અંગે સંશોધન હાથ ધરવા. શાળા છોડવા પાછળનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક તથા અન્ય પરિબળોનો અભ્યાસ કરી શાળા છોડવાનો દર ઘટાડવા માટેની અસરકારક કામગીરી અંગે સંશોધન હાથ ધરવું,

ક્ષેત્ર-૨: માનસિક સ્વાસ્થ્ય અને પરામર્શ (Mental health and well-being of Students)

વિધાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, ભાવનાત્મક સુખાકારી, તણાવ તથા અન્ય સંબંધિત પડકારોનો અભ્યાસ કરવા સૂચન કરવામાં આવ્યું. વિધાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને પરામર્શ મળી રહે તે માટેની અસરકારક વ્યવસ્થાઓ અંગે સંશોધન હાથ ધરવું.

ક્ષેત્ર -3 FLN-NIPUN

પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN) તથા NIPUN ભારત અંતર્ગત નક્કી કરવામાં આવેલ લક્ષ્યોની પ્રાપ્તિ અંગે સંશોધન હાથ ધરવા. વિધાર્થીઓની વર્તમાન શૈક્ષણિક સ્થિતિ, અધ્યયનમાં જોવા મળતા પડકારો તથા તેમાં સુધારો લાવવા માટેની અસરકારક શિક્ષણપદ્ધતિઓનો અભ્યાસ કરી શકાય.

ક્ષેત્ર-૪: IKS અને મૂલ્યઆધારિત શિક્ષણ

ભારતીય જ્ઞાન પરંપરા (IKS) તથા મૂલ્યઆધારિત શિક્ષણને ધ્યાનમાં રાખીને સંશોધન હાથ ધરવા. હાલના અભ્યાસક્રમમાં ભારતીય જ્ઞાન પરંપરાના કયા તત્વો સમાવિષ્ટ છે તેની ઓળખ કરી, જરૂરી જણાય ત્યાં IKSને અભ્યાસક્રમ સાથે વધુ અસરકારક રીતે જોડવા અંગે સંશોધન કરવુ

ક્ષેત્ર-૫: HPC (Holistic Progress Card)

ગુજરાત રાજ્યમાં પાયાના તબક્કાના (foundational stage) સવાંગી પ્રગતિ પત્રક (HPC)ના અમલીકરણની અસરકારકતાનો અભ્યાસ તથા પ્રારંભિક અને મધ્ય તબક્કાના HPCના અસરકારક અમલીકરણ માટેનાં માળખા સંદર્ભે સંશોધન હાથ ધરવા.

આ ઉપરાંત,

- ભારતીય મૂલ્યવ્યવસ્થા (Indian Value System) પર ભાર મૂકતા સંશોધનો હાથ ધરવા.
- વિજ્ઞાન પ્રવાહ (Science Stream)માં વિધાર્થીઓનું નામાંકન વધારવા માટેના ઉપાયો તથા નામાંકન ઓછુ થવાના સંભવિત કારણો અંગે સંશોધન હાથ ધરવું.

- અંગ્રેજી વિષયનાં શિક્ષણ-અધ્યયન સાથે સંકળાયેલા વિવિધ પાસાઓ અંગે સંશોધન હાથ ધરવું.
- વિધાર્થીઓના Dropout અંગે કક્ષાવાર (Level-wise) સંશોધન હાથ ધરી તેના કારણો તથા સંભવિત ઉપાયો ઓળખવા.
- પાયાના શૈક્ષણિક પ્રશ્નો અંગે ચિંતન-મનન કરી ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણમાં નડતી સમસ્યાઓ પર સંશોધન હાથ ધરવું.
- શૈક્ષણિક સમસ્યાના સંભવિત કારણોની ઓળખ કરી તેના નિરાકરણ માટે પરિણામલક્ષી સંશોધન હાથ ધરવું.
- દરેક ધોરણ અને વિષયવાર વિધાર્થીઓમાં રહેલી Learning Difficultiesની ઓળખ કરી તેના નિવારણ માટે સંશોધન હાથ ધરવું.
- ઉચ્ચ શિક્ષણમાં રહેલા સંશોધન અંતર (Research Gap)ને ઓળખી તે અંગે સંશોધન હાથ ધરવું.

સિનિયર લેક્ચરર
મહારાણીશ્રી ગંગાબા સાહેબ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - ભુજ

નકલ રવાના સવિનય જાણ સારું:

- રીડરશ્રી, સંશોધન શાખા, જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગર.

નકલ રવાના અમલ કરવા જાણ સારું:

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, જિ. કચ્છ
- SVS કન્વીનરશ્રી, તમામ, જિ. કચ્છ
- BRC કો.ઓ. શ્રી, તમામ, જિ. કચ્છ